Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૧ લું  વિક્રમ સંવત ૧૯૬૦— જેઠ.  અંક ૧૧ મો.

## પ્રભુસ્તુતિ.

### શાર્દૂલવિક્રીડિત.

આપે શીતલતા સુધારસમયી[1] જે સેવકો ને સદા,
પાડે પૂર્ણ પ્રકાશ જાડય[2] તમને દૂરે કરે સર્વદા;
પોષે પૂર્ણ બની પ્રભાવિક[3] મહા જ્ઞાનૌષધી રહેમથી,
તે શ્રી શોભિત[4] વીર પૂર્ણ શશીને[5] સેવો સદા પ્રેમથી. ૧

## શ્રી ગુરૂ ગુણ વર્ણન.

( ગત અંકના પૃષ્ટ ૨૧૮ થી ચાલુ. )

થયા જેની પાટે કમલવિજયાચાર્ય સુગુણી; (૧)

---

૧ અમૃત રસમય ૨ જડતા—અજ્ઞાન રૂપ અંધકારને ૩ પ્રભાવિક એવી મોટા જ્ઞાન રૂપ ઔષધી ચંદ્ર ઔષધીનો સ્વામીછે. ૪ [illegible] શોભિત ૫ શ્રી વીર પ્રભુ રૂપ પૂર્ણ ચંદ્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભાવી ચારિત્રે ગુરૂ ચરણમાં ભાવિક મણિ;
સુબોધે નિવારે અસુખકર[1] સંસાર[2] ગદ ને,
પ્રણામો પ્રેમે તે વિજયિ વિજયાનંદ પદને. ૫
થયા જેના શિષ્યો ગુણધર અને પંડિત નયે[3],
ધરામાં વિસ્તાર્યું યશ ગુરૂતણું વીરવિજયે;
ધરાવ્યું સદ્ધર્મે ઊજ્વલ ઉપાધ્યાય પદને,
પ્રણામો પ્રેમે તે વિજયિ વિજયાનંદ પદને. ૬
પ્રતાપી છે જેના ગુણધર જુઓ કાંતિ[4] મુનિને,
પ્રસારી છે હંસે[5] પ્રવચન[6] સુધાસાર ધુનિને;
ગજાવે સત્કીર્તિ ગુરૂવર તણી ગૌરવદને,
પ્રણામો પ્રેમે તે વિજયિ વિજયાનંદ પદને. ૭

## શાર્દૂલવિક્રીડિત.

વિદ્યાવલ્લભ[7] વીરવલ્લભ[8] મુનિ વેગે વિહારો કરી,
પંઝાબે ફરકાવતા ગુરૂતણી કીર્ત્તિ ધ્વજાને ધરી;
શોભાવ્યા ગુરૂરાજ રાજવિજયે ચારિત્રને આદરી,
દીપાવ્યું અમરે[9] સુનામ ગુરૂનું આરામ આત્માકરી. ૮

---

૧ દુઃખદાયક ૨ સંસાર રૂપ રોગ ૩ ન્યાયમાં પંડિત. ૪ શ્રી કાંતિ વિજયજી મહારાજ. ૫ શ્રી હંસવિજયજી મહારાજ ૬ શાસ્ત્રરૂપ અમૃતની એક નદીને. ૭ વિદ્યાને પ્રિય અથવા જેને વિદ્યા પ્રિય છે તેવા. ૮ શ્રી વલ્લભ વિજયજી મહારાજ ૯ શ્રી અમર વિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ષટ્દર્શનોનું કમિશન.

( ગત અંકના પૃષ્ટ ૨૨૨ થી ચાલુ. )

**પૂર્વપક્ષ**—એ ચારે ભેદના લક્ષણ કહો.

**ઉત્તરપક્ષ**—ચક્ષુ વિગેરે પાંચ ઇંદ્રિયોના આશ્રયથી ઉત્પન્ન થયેલું, અને બાહ્ય એવા રૂપાદિ પાંચ વિષયોનું પ્રત્યક્ષ તે **ઇંદ્રિય-પ્રત્યક્ષ** કહેવાય છે. પદાર્થનું પ્રત્યક્ષ થયા પછી તે વિષયને ગ્રહણ કરનાર ઇંદ્રિયજન્ય જે જ્ઞાન, તે પછી તરતજ જે મનમાં પ્રતીત થાય છે તે **માનસપ્રત્યક્ષ** કહેવાય છે. તે જ્ઞાન પ્રત્યક્ષ વિષય જે ઇંદ્રિય જ્ઞાનના વિષય ઘટાદિનું જ્ઞાન થયા પછી બીજે ક્ષણે તેમાં એ જ્ઞાનને સહકારી લઇ તરતજ થાય છે. વસ્તુ માત્રનું ગ્રાહક જ્ઞાન તે ચિત્ત, તે ચિત્તમાં થયેલા તે ચૈત્ત એટલે વસ્તુનું વિશેષ રૂપ ગ્રહણ કરનાર જે સુખ દુઃખ અને ઉપેક્ષા આદિ તે અને તેમનો આત્મા જેનાથી જેનાથી જણાય તે **સ્વસંવેદન પ્રત્યક્ષ** કહેવાયછે. **ભૂતાર્થ ભાવના** એટલે ભૂત-થયેલા અર્થ તે પુનઃ પુનઃ ચિતને વિષે લાવવો તેનો જે પ્રકર્ષ તે પર્યંતથી પેદા થયેલું જે જ્ઞાન તે યોગિજ્ઞાન. તેનું જે પ્રત્યક્ષ તે **યોગિજ્ઞાન પ્રત્યક્ષ** કહેવાય છે.

**પૂર્વપક્ષ**—એ પ્રમાણે પ્રત્યક્ષના ચાર ભેદતો સમજાયા પણ તેમાં એક શંકા થાય છે કે, પરમાણુંનું સ્વરૂપ જે સ્વલક્ષણ છે તે આવા પ્રત્યક્ષથી કેમ ગ્રહણ થાય

**ઉત્તરપક્ષ**—પ્રત્યક્ષ પ્રમાણ જે વર્તમાન વસ્તુ પાસે હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના રૂપનુંજ ગ્રહણ કરે છે, ભૂત કે ભવિષ્ય વસ્તુનું નહિં, કેમકે તે પાસે નથી.

**પૂર્વપક્ષ**—વસ્તુનું પ્રત્યક્ષ થયા પછી જેમ તેનું નીલાદિ રૂપ ગ્રહાય છે તેમ ક્ષણ ક્ષય નિર્ણય પણ થવો કેમ ન સંભવે ?

**ઉત્તરપક્ષ**—તેનાઉત્તરમાં એટલુંજ કહેવાનું કે જે ક્ષણે પ્રત્યક્ષ થાય છે. તેજ ક્ષણે તે વસ્તુના કાલદેશ દશાદિ સંબંધને અનુસરતી સ્મૃતિ તે વસ્તુના ક્ષણક્ષયિ પણાના ઉત્પન્ન થતા નિર્ણયને પ્રતિબંધ કરે છે તે વિષે બૌદ્ધ સિદ્ધાંતમાં કહેલું છે કે, "પ્રત્યક્ષથી ક્ષણિકત્વ તેમ અક્ષણિકત્વ ઊભયને સાધારણ એવા પદાર્થોનું ગ્રહણ થાય છે, એટલે કહિંક ભ્રમને લીધે અક્ષણિક પણાનો આરોપ જણાય તેટલાથીજ પ્રત્યક્ષજ્ઞાન અક્ષણિકત્વને માટે પ્રમાણ છે, એમ ન સમજવું. ઉલટું એથી તો એમ બને કે અક્ષણિકત્વ માટે પ્રત્યક્ષજ્ઞાન પ્રમાણ નથી, કારણ કે જે માનસ પ્રત્યક્ષ (અનુવ્યવસાય) થાયછે તે અક્ષણિકપણાથી વિપરીત હોયછે. પરંતુ ખરીરીતે જોતાં તો પ્રત્યક્ષ છે તે ક્ષણિકપણાના ગ્રહણ પ્રત્યે પણ પ્રમાણ નથી, કારણકે, તેમાં તેને અનુરૂપ અધ્યવસાય થતો નથી. નીલરૂપાદિનું જે ગ્રહણ થાય છે તેમાં તો તે પ્રકારનો નિશ્ચય થવાથી ત્યાં તે પ્રમાણ થાય છે માટે જે કેવલ નિર્વિકલ્પ ક્ષણિકપણું તે અક્ષણિકપણાવાલું સવિકલ્પ કદાપિ હોઈ શકેજ નહીં તેથીજ પ્રત્યક્ષના લક્ષણમાં કહ્યું છે કે, ભ્રમરહિત તેજ પ્રત્યક્ષ પ્રમાણ.

**પૂર્વપક્ષ**—જ્યારે પ્રત્યક્ષના લક્ષણમાં **ભ્રમરહિત** એવું વિશેષણ મુક્યું અને અનુમાનના લક્ષણમાં ન મુકયું તે ઉપરથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ સૂચવ્યું કે, અનુમાન તો ભ્રમવાળું પણ હોય ભ્રમાત્મક પણ અનુમાનતો ખરૂંજ સમજવું. કારણ કે, સાથે અનુમાન પાયું એ સામાન્યમાં તેનો પણ સમાવેશ છે અને વ્યતિરેક ( તદભાવ ) તથા અન્વય ( તદભાવ ) થી સામાન્યને લક્ષણ કોટિમાંથી દૂર કરવું અશકય છે, કેમકે સામાન્ય છે તેજ તેનું લક્ષણ છે એમ અનુમાનથી કલ્પાય છે.

**ઉત્તરપક્ષ**—એ વાત સત્ય છે પણ જ્યારે ભ્રમનું ખરેખરૂં લક્ષણ સમજાય ત્યારે તેનો નિશ્ચય થઇ શકે.

**પૂર્વપક્ષ**—ભ્રમનું લક્ષણ શું અને તેનો સંબંધ અહિં શીરીતે લાગુ પડે ? તે સમજાવો.

**ઉત્તરપક્ષ**—જે વસ્તુ જે રૂપે ન હોય અને જેનું જે લક્ષણ ન હોય તેને તે રૂપે અને તે લક્ષણરૂપે જાણવી. એ ભ્રમનું લક્ષણ છે. અહિં અનુમાન સાથે તેનો સંબંધ એવી રીતે છે કે, અનુમાનનું જે પ્રમાણ તે પોતાના લક્ષણના બલથી પ્રણાલિકાએ કરીને સિદ્ધ થાય છે. લક્ષણ ગ્રંથોમાં કહ્યું છે કે પદાર્થ વિના તાદાત્મ્યપણું અને તેની ઉત્પત્તિરૂપ સંબંધની સાથે નિયત પણે જોડાએલો જે લિંગ સદ્ભાવ, તે સંભવે નહીં અને તે વિના તેનું જ્ઞાન થાય નહીં, ને તે જ્ઞાન વિના પૂર્વથી જાણેલો સંબંધ સ્મરણમાં આવે નહીં, ને તેવું સ્મરણ ન થાય ત્યારે અનુમાન પણ થાય નહિં. એ રીતે પદાર્થથી વ્યભિચાર પામે નહીં એવો જે ભ્રમ તે પણ પ્રમાણ કહેવાય છે. તે વિષે પ્રમાણ શાસ્ત્રમાં કહયું છે કે, " જે જેનો ધર્મ ન હોય તેમાં તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મનું ગ્રહણ પણ સંતાન દ્વારા ( પરંપરાએ ) પ્રમાણ ભૂત થાય છે. ”

પૂર્વપક્ષ—એ ઉપરથી અનુમાનમાં ભ્રમરહિત એ વિશેષણ ન જોઇએ,, તેમ સમજાતું નથી માટે તે વિષે કાંઇ વિશેષ ખુલાસો હોયતો આપો.

ઉત્તરપક્ષ—તે વિષે એક દ્રષ્ટાંત છે–જેમ પ્રકાશમાન મણિની શિખા અને દીપકની પ્રભા સરખી લાગે છે. તે પ્રત્યે મણિની બુદ્ધિથી જે દોડે તે બેનું મિથ્યાજ્ઞાન તો સરખુંજ છે પણ અર્થ ક્રિયામાં ફેર પડે છે તેવીજ રીતે તે યથાર્થ નથી તે છતાં પણ તે સમયમાં તેમનું બંનેનું અનુમાનત્વ તો છેજ પણ અર્થક્રિયાને અનુસરી તેના પ્રમાણપણાની વ્યવસ્થા સમજવાની છે. માટે અનુમાનના લક્ષણમાં ‘ ભ્રમરહિત ’ એ પદ ન જોઇએ. પ્રત્યક્ષ પ્રમાણના લક્ષણમાંજ ‘ભ્રમરહિત’ એ પદ જોઈએ–એ સિદ્ધ થાય છે.

અપૂર્ણ.

# યતિધર્મ અને શ્રાવકધર્મનો સંવાદ.

## ( ગત અંકના પૃષ્ટ ૨૨૬થી ચાલુ. )

યતિધર્મ—વત્સ, શાંતથા, શ્રાવકોમાં પેઠેલા એ દુરાચારે ધર્મની અપાર હાની કરેલીછે. કન્યાવિક્રય કરનાર શ્રાવકોના ઘરના આહાર પાણિ મારા કેટલાએક પવિત્ર સાધુઓને પણ ભ્રષ્ટ કરતા હોય, તેમ મને લાગે છે. કન્યા વિક્રયરૂપ વિષવૃક્ષને ઉચ્છેદ કર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાનું કામ આપણી વિજયિની કોન્ફરન્સ માથે લેશે. ભદ્ર, ધૈર્ય રાખો. હજુ એ દુરાચાર છુપો છુપો ફરે છે. કેટલાએક કુલીન શ્રાવકોના ઘરમાં તે દુષ્ટને સ્થાન મળ્યું નથી. ઘણાં ઊત્તમ કુલીન શ્રાવકો કન્યા વિક્રયરૂપ ચાંડાલનો સ્પર્શ થવા દેતા નથી. હજુ શ્રી વીરશાસનનો પ્રભાવ પ્રકાશિત છે. હિંમત હારશો નહીં.

**શ્રાવકધર્મ**—ભગવન્, તમારા ધૈર્યદાયક વચનો સાંભળી મારા હૃદયમાં શાંતિ સુધાનો છંટકાવ થઈ જાય છે પણ મારા શ્રાવકો તરફ હૃદયમાં અવિશ્વાસ રહ્યા કરે છે. કન્યા વિક્રય કરનારા જે ઘણાં દુરાચારી શ્રાવકો કન્યા વિક્રય રૂપ મહાજાલમાં ફસાય છે. તેનું મૂલ કારણ લોભ અને નિર્ધનતા છે. આપત્તિમાં પણ ધર્મપર દઢતા રાખનારા વીર શ્રાવકો પોતાને નિર્ધનતા પ્રાપ્ત થાય તોપણ એ કન્યા વિક્રય રૂપ દુષ્ટ દુરાચારને વશ થતા નથી. તેવા શ્રાવકોને ધન્યવાદ ઘટે છે. જ્યાંસુધી તેવા શ્રાવક રત્નો વિદ્યમાન છે ત્યાંસુધીજ આ જગતમાં ધર્મ સજીવન છે. કૃપાળુ ભગવન્ મારા તમામ શ્રાવકો એ દુરાચારથી દુર રહે અને કન્યાવિક્રય જેવા દુષ્ટ રિવાજનો સર્વત્ર નાશ થઈ જાય તેવી અંતરથી આપ આશીષ આપો.

**યતિધર્મ**—વત્સ, અપશોષ કરશો નહીં આપણી વિજયિની કોન્ફરન્સ તેનો સત્વર નાશ કરવા પ્રયત્ન કરશે. આધુનિક સુજ્ઞ શ્રાવકો પણ એ દુષ્ટ કૃત્યનું મહા પાપ સમજવા લાગ્યા છે. જેઓ લોભ વશ થઇ તે મહા પાપને જાણતાં છતાં ગુપ્ત રીતે કરે છે તેઓ પાછલથી પશ્ચાત્તાપ પામે છે. કન્યા વિક્રયનું ધન અધમમાં અધમ છે. જેઓ એ ધનરૂપ મહાવિષ ભક્ષણ કરે છે. તેઓ અલ્પ સમયમાં અધમ સ્થિતિએ પોહોચે છે. એ મહાવિષે ઘણાંને પાયમાલ કર્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. ઘણાંઓ ધર્મભ્રષ્ટ થઇ ગયા છે. કેટલાએક તો ઉત્તમ કુલમાં જન્મ્યા છતાં નીચ કુલમાં આવી ગયા છે. કન્યાવિક્રયના ધનથી ધનવાન્ થયેલો પુરૂષ લોકમાં નિંદાપાત્ર અને તિરસ્કારનું ભાજન થાય છે. એ દુરાચારીનું મુખ પણ કોઇ જોતા નથી. સ્થાને સ્થાને તેની મલીન ચર્ચા થાય છે અને તેના કુલીન સંબંધીઓ તેને ચંડાલની જેમ નીચ ગણી તેની સાથે કોઈ પ્રકારનો વ્યવહાર રખતા નથી. માટે હે વત્સ તેવા અધમ કૃત્ય કરવા કયો કુલીન શ્રાવક તત્પર થશે ? સાંપ્રતકાળે પાંચમો આરો પ્રવર્તે છે તેથી કોઇ કોઈ સ્થલે એ દુરાચારે શ્રાવકોને કલંકિત કર્યાં છે પણ માત્ર સર્વોત્તમ સંવેગી સાધુઓના સદુપદેશથી ઘણાં કુલીન શ્રાવકો જાગ્રત થયા છે. પ્રત્યેક સ્થાને તે વિષયનીજ ચર્ચા પ્રગટ થવા લાગી છે તેથી એ દુષ્ટ દુરાચાર અલ્પ સમયમાંજ અસ્ત થઈ જશે. વળી હું અંતઃકરણથી આશીષ આપું છું કે, ભારત વર્ષના કુલીન શ્રાવકો એ દુરાચારથી દુર રહે. વત્સ, અધીર થશો નહીં, તમારા પવિત્ર મનોરથ શાશન દેવતા પૂરા કરશે.

**શ્રાવકધર્મ**—ભગવન્, આપના માધુર્ય ભરેલા વચનો સાંભલી મને અપાર આનંદ પ્રાપ્ત થયો છે. મારા શ્રાવકોના દરેક કુંટુંબ તે કન્યા વિક્રયના દુરાચારથી દૂર રહે અને ભારત વર્ષના દરેક શેહેર તથા ગામડાના પવિત્ર ક્ષેત્રોમાં તમારા મહાશય મુનિઓના ઉપદેશથી એ દુરાચારને રહેવાનો અવકાશ ન મલે અને આપણી વિજયિની કોન્ફરન્સ એ વાતને ચર્ચાવી એ મહા પાપી રીવાજને ઉન્મૂલન કરવા મથન કરે તો પછી હું સંપૂર્ણરીતે કૃતાર્થ થઇશ. એટલુંજ નહીં પણ આ પાંચમા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આરામાં ચોથા આરાનું સુખ માનીશ ભગવન્, આપની અંતરની આશીષ સફલ થાઓ. શાસન દેવતા તેમાં સંપૂર્ણ સહાય આપો.

**યતિધર્મ**—ભદ્ર, તમારી મુખમુદ્રા પ્રસન્ન જોઇ મને આનંદ થાય છે હંમેશા આવીજ પ્રસન્નમુદ્રા રાખજો. તમારા શ્રાવકોમાંથી એ દુરાચાર દૂર કરવાને એક ખરેખરો ઉપાય મને સુઝી આવ્યો છે. જો તે ઉપાય પ્રવૃત્ત થશે તો એ દુરાચાર ભારતના સર્વ દેશોમાંથી દૂર થઈ વિનાશ પામી જશે.

**શ્રાવકધર્મ**—( હૃદયમાં ઉત્સાહ લાવી ) કૃપાલુ ભગવન્, તે ઊપાય મને કૃપાકરી જણાવો, તે ઉપાયની જિજ્ઞાસા મારી મનોવૃત્તિને દબાવે છે. જાણવાનું કુતૂહલ વારંવાર થયા કરે છે. મને આશા છે કે આપ દયાલુ દેવ મારી જિજ્ઞાસા તૃપ્ત કરશો.

**યતિધર્મ**—વત્સ, તે ઊપાય એવો છે કે, હું મારી પ્રભાવિક શકિત વડે મારા આશ્રિત મુનિઓના હૃદયમાં એવી પ્રેરણા કરાવીશ, કે જેથી તે મુનિઓ તે વિષેના ઊત્તમ ઊપાયો યોજ્યા કરશે. જે મુનિઓ ખરેખરા સંવેગને ધરનારા છે, જેઓના હૃદયમાંથી રાગ દ્વેષ પ્રમુખ અંતર શત્રુઓ દૂર થયા છે, જેઓએ શુદ્ધ ચારિત્રના ચલકાટથી શ્રીવીર શાસનને અને ગુરૂ કુલને દીપાવ્યું છે, જેઓ સર્વદા જ્ઞાનની પવિત્ર ભક્તિમાં તત્પર રહી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મસાધન કર્યા કરે છે, જેઓ ક્ષેત્રમમત્વછોડી ભૂમંડલના સર્વ ભાગને વિહારથી પવિત્ર કરે છે, જેઓ અવિરતિનો પરિહાર કરી વિરતિનુંજ સર્વદા સેવન કરે છે અને જેઓ સંયમ પૂર્વક સમાધિની ઉપાસનામાં રહી પરમાત્માનું ધ્યાન ધરે છે. તેવા માગ ઉત્તમ મુનિઓ પ્રત્યેક ક્ષેત્રે વિચરી કન્યા વિક્રય રૂપ દુરાચારને પરાસ્ત કરશે. એટલુંજ નહીં પણ એ દુરાચારે ગ્રસ્ત કરેલા લુબ્ધ શ્રાવકોના ઘરના અપવિત્ર આહાર પાણી તેઓ વોરશે નહીં. કન્યા વિક્રય કરનાર, કરાવનાર અને અનુમોદનાર એ ત્રિપુટીને ચતુર્વિધ સંઘના સમુદાયમાંથી દૂર કરાવા પ્રયત્ન કરશે. તે મહા જ્ઞાની અને પરોપકારી મુનિઓ જાણે છે કે, સર્વ વર્ણમાં શ્રાવક પ્રજા સર્વોત્તમ છે; કુલીન છે અને અરિહંતના પવિત્રધર્મના આશ્રિત છે. તેઓને પાપ વિવાહ કરવો યોગ્ય નથી. તેઓ ખરેખર ધર્મ વિવાહનાજ અધિકારી છે. કન્યા વિક્રય કરી વિવાહ કરનાર શ્રાવક **જૈન** એ નામને લાયકનથી. તે વીર પ્રભુના સુશોભિત શાસનને કલંકિત કરનાર છે. તેનું અપવિત્ર શરીર ચંડાલની જેમ અસ્પૃશ્ય છે તેનું ગૃહ સ્મશાનની જેમ અમંગલ છે તેનું કુલ ઉત્તમ છતાં અધમાધમ છે પોતાની નિરપરાધી બાલ કન્યાને જન સમુદાયની સમક્ષ વેચી તેના રૂધિર સમદ્રવ્યથી ગૃહ વ્યવહાર ચલાવનાર પુરૂષને શ્રાવક કહેવો એ કેટલું શરમ ભરેલું છે તેવો લુબ્ધ પુરૂષ શ્રાવક નથી, શ્રાવકાભાસ નથી અને મિથ્યાત્વી પણ નથી પણ તે શ્રાવક

For Private And Personal Use Only

કુલમાં જન્મ લેનાર એક નર પિશાચ છે મિથ્યાત્વી પણ તેવું કૃત્ય કરવામાં પાપ માને છે. એવા અધમ શ્રાવકનો સંસર્ગ કરવામાં પાપ લાગે છે એમ સમજનારા મારા મુનિઓ તે દુરાચારને ભારત વર્ષમાંથી પરાસ્ત કરવા ચુકશે નહીં. ભદ્ર, તે વિષે હું હૃદયથી પ્રેરણા કરીશ. જરા પણ અપશોષ રાખશો નહીં. અલ્પ સમયમાંજ શ્રાવકોના કુલમાંથી એ દુષ્ટ રીવાજ નાબુદ થઈ જશે.

**શ્રાવકધર્મ**—ભગવન, આપે મને પરમ શાંતિ આપી છે. હવે મને નિશ્ચય થયો કે, આપે કહેલા આ સર્વોત્તમ ઉપાયથી અને વિજયિની કોન્ફરન્સના મહાન પ્રયત્નથી એ દુરાચાર નાબુદ થઇ જશે. મારા કુલીન શ્રાવકોને કન્યાવિક્રયના કઠોર કલંકથી મુક્ત થયેલા જોવાની મારી ધારણા સફલ થયેલી હું સમજુ છું ચાલો હવે આપણે સ્વસ્થાન પ્રત્યે જઇએ. હવે અલ્પ સમયમાં ગુજરાતી રાજધાનીમાં થનારી આપણી ત્રીજી જૈન કોન્ફરન્સના દર્શન કરવાને પાછા આપણે મલીશું અને તે કોન્ફરન્સના વિજયની વાર્તા કરી અપાર આનંદ પ્રાપ્ત કરીશું. અપૂર્ણ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચિંતામણી.

## એક ચમત્કારી વાર્ત્તા.

( ગત અંકના ૯ માના પૃષ્ટ ૨૦૬ થી ચાલું )

### સાધ્વી વિદ્યાશ્રીના ઉપદેશો.

એક દિવસે સાધ્વી રત્ન વિદ્યા શ્રી પ્રાતઃકાલે રાજનગરના એક પ્રખ્યાત દેરાશરમાં દર્શન કરવાને નીકલ્યા હતા. પોતાની સાથે દીક્ષા પર્યાયે અને વયમાં લઘુ એવી બીજી સાધ્વીઓ તથા તેમના ઉપદેશ લેવા ઉત્સુક એવી શ્રાવિકાઓ ચાલતી હતી વિદ્યા અને ચારિત્રના ચલકાટથી સુશોભિત એવા વિદ્યાશ્રી તે દેરાસરમાં આવ્યા. મુખ્ય નાયકજીની પ્રતિમાને અપૂર્વ ભાવનાના ઊલ્લાસથી વંદના કરી કેટલાએક ભાવના ભરેલા સ્તવનો મધુર સ્વરે ગાઈ મંદિરના મધ્ય ભાગને તેમણે ગજાવી મુકયો. કંઠના માધુર્યથી રંજિત થયેલી દિકકુમારીઓ જાણે અનુકરણ કરવા સ્વર પુરતી હોય તેમ ઊર્ધ્વ ભાગમાં ચારે તરફ તેનો પ્રતિધ્વનિ પ્રસરી રહ્યો. તેને શ્રવણ કરવાને ઊત્સુક એવા શ્રાવક અને શ્રાવિકાઓના વૃંદ દૂર ઉભા રહી ચિત્રની જેમ સ્તબ્ધ થઇ ગયા હતા.

એવી રીતે પ્રભુની સ્તવન પૂર્વક ભાવ પૂજા કર્યા પછી સાધ્વી શ્રી મંદિરની બાહેર નીકલ્યા. નવરંગિત શૃંગાર ધરી દર્શન કરવા આવતી શ્રાવિકાઓના વૃંદેવૃંદ તેમને સામે મલવા લાગ્યા. આવા અરૂણોદય સમયે ઊત્સાહથી જિનાલયમાં દર્શન કરવા આવતી શ્રાવિકાઓને જોઈ સાધ્વીજીને વિચાર થયો કે, આ સમયે શય્યામાં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થી ઉઠી શૌચ સ્નાનાદિ ક્રીયામાંથી પરવારી દર્શન કરવા આવતી આ શ્રાવિકાઓને ધન્ય છે. તેઓની પવિત્ર ભાવના ખરેખર પ્રશંસા કરવા યોગ્ય છે–આવું વિચારી તેમણે સાથે ચાલતી શ્રાવિકાઓને પુછયું કે, આ શ્રાવિકાઓ સર્વ શૌચ ક્રિયામાંથી પરવારીને આવે છે કે કેમ? કોઈ ચતુર અને વૃદ્ધ શ્રાવિકાએ જણાવ્યું કે, પૂજ્ય ગુરૂણી-જી, આમાંથી શૌચક્રિયામાંથી પરવારી શુદ્ધ થઇ આવનારી શ્રાવિકાઓ થોડી છે. આ અનુચિત રિવાજ સૌરાષ્ટમાં વિશેષ છે અને અહિં પણ તે પ્રવર્તેલો છે–એવું ધારી તે દિવસે પોતે તે વિશેજ ઉપદેશ આપવાનો નિર્ણય કરી સત્વર વ્યાખ્યાન–શાલામાં પધાર્યા.

નિત્યના નિયમ પ્રમાણે વ્યાખ્યાન શાલા શ્રાવિકાઓના યૂથથી ચીકાર ભરાઈગઈ સર્વ એક ચિત્ત થયા એટલે મહા પવિત્ર સાધ્વી શ્રી વિદ્યાશ્રી એ પોતાના ઉપદેશામૃતની ધારા મધુર કંઠમાથી છોડી સાધ્વી શ્રી મંગલા ચરણ કરી બોલ્યાકે, બેનો, આજે તમને જે ઉપદેશ આપવાનોછે તે તમારે સારી રીતે એક ચિત્તે શ્રવણ કરી મનન-કરવા જેવોછે. જૈન બાળાઓ, તમે એટલું તો સમજોછો કે આપણે સર્વ આર્ય ધર્મમાં ઊંચા એવા જૈન ધર્મને માનનારા જૈન છીએ આપણા ધર્મમાં પ્રતિમાની ભક્તિ કરવાને અને તેમની એક નિષ્ઠાથી પૂજા કરવાને ફરમાવ્યું છે આપણા જિનમંદીરોમાં સર્વથી અધિક પવિત્રતા રખાયછે. પ્રભુની મહા પવિત્ર પ્રતિમાની પૂજા વખતે કોઈ જાતની આશાતના ન થાય, એવો શુદ્ધ ઉપયોગ રાખવામાં આવેછે. તેમછતાં કેટલાએક દેશોમાં તથા સેહેરોમાં પ્રાતઃકાલે પ્રભુના મંદિ-રમાં દર્શન કરવાને જતી શ્રાવિકાઓ અશુદ્ધપણે જાયછે–એમ જોવામાં આવેછે એ કેવા ખેદની વાત? પ્રાતઃકાલે બરાબર શૌચસ્નાનાદિ વિધિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યા વગર શય્યામાંથી ઊઠતાંજ અપવિત્ર શરીરે જિનાલયમાં પ્રવેશ કરવો એ પુણ્યને બદલે પાપ ઉપાર્જવાની પ્રવૃત્તિછે. પવિત્ર જિનાલયમાં કેવી પવિત્રતા રાખવી જોઇએ, તે વિષે આપણા પૂર્વાચાર્યોએ બહુ કહેલું છે. તામસસ્વરૂપી રાત્રિને વખતે પુદ્‌ગલિક સુખને માટે ગૃહસ્થ સ્ત્રી પુરૂષો કેવા અપવિત્ર બનેછે. વિષય રૂપ વિષ કુંડમાં મગ્ન થનારા દંપતી પ્રત્યક્ષ નરક જેવા રાત્રિના મહાપાપ રૂપ પંકથી લિપ્ત થાયછે. કામાંધ કામી અને કામિનીઓ ને મહા પાપની ઉદીરણાનું કારણ રાત્રિજછે. તેવી મલીન રાત્રિમાંથી શય્યા છોડી પુદ્‌ગલોની બાહ્ય પવિત્રતા કર્યા વગર ઉપરથી શ્રૃંગાર ધારણ કરી જિનાલય જેવા પરમ પવિત્ર સ્થાનમાં પ્રવેશ કરવો એ કેટલી આશાતના છે?

સદ્‌ગુણી શ્રાવિકાઓ, તમારે આ વાત ઊપરથી પૂરતું ધ્યાન આપવાનું છે. તમારા ગૃહસ્થ ધર્મની કેટલીએક બાહ્ય ક્રિયાઓ આશ્રવની કારણ રૂપ છે. તમારે બાહ્ય અને અંતર શુદ્ધિ ખરેખરી રાખવાની છે. તમારા પુદ્‌ગલો ક્ષણે ક્ષણે અપવિત્રતાના પરમાણુંઓને પ્રાપ્ત કરે છે. તમારા ગૃહ મંડનમાં અને વપુ મંડનમાં અશુચિ પુદ્‌ગલોના પ્રવાહ છુટયા કરે છે. તમારા ગૃહમાર્ગમાં અશુચિના અનેક કંટક આડા છે. અવિરતિ ધર્મની છાયા તમારા ગૃહરાજ્ય ઊપર પડે છે. વિરતિ ધર્મ તમારાથી દૂર છે. તમારા વિસ્તારવાળા ગૃહરાજ્યમાં સ્થાને સ્થાને પુદ્‌ગલની અપવિત્રતા થવાનો અતિ સંભવ છે. તેમાં સ્ત્રી શરીર વિશેષપણે અપવિત્ર છે. તમે ભોગ્ય પદાર્થમાં ગણાઓ છો. તમારી કાયાને રાંધેલા અન્નના જેવી ઊપમા અપાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિમાસે થતો આર્ત્તવદોષ તમારામાં કેટલી અપવિત્રતા છે તે સૂચવી આપે છે. તેથી હે બાલાઓ, તમારે પવિત્ર રહેવાની વિશેષ જરૂર છે. તેમાં પણ શ્રી ભગવંતના પવિત્ર મંદિરમાં પ્રવેશ કરવામાં તમારે સર્વોત્તમ પવિત્રતા રાખવાની ઘણી આવશ્યક્તા છે. પ્રાઃકાળે શય્યાના મલિન સંસર્ગમાંથી જુદા પડી બરાબર સ્નાનાદિ શૌચ કર્યા વગર તત્કાલ કેવલ મુખ ધોઈ નવીન શ્રૃંગાર ધરી જિન ચૈત્યમાં જવું તે મોટી આશાતના છે. જે ભાવનાથી તમે ચૈત્ય પ્રવેશ કરો છો તે ભાવનાના મહા ફળને બદલે તમને આશાતનાનું મહા પાપ પ્રાપ્ત થાય છે. પ્રિય ભગનિઓ, તમે એમ માનતા હો કે અમે ઉત્તમ પોશાક તથા આભૂષણો ધરી પ્રભુ દર્શન કરવા જઇએ છીએ. પણ તે તમારા વિચાર તદન વિપરીત છે. બરાબર સ્નાનાદિ શૌચ થયા વગર કેવલ વસ્ત્રાલંકારથી શરીરમાં પવિત્રતા આવતી નથી. નવ રંગિત વસ્ત્રો તથા કેવલ અમૂલ્ય આભૂષણો ધારણ કરનાર પુરૂષ સ્નાન કર્યા વગર પ્રભુની પૂજાનો કે તેમના ચૈત્યમાં પ્રવેશ કરવાનો અધિકારી થઈ શકતો નથી. ચૈત્યમાં પ્રવેશ કરનારે કેવી રીતે નિયમો રાખવા જોઇએ છીએ તે બધા આપણા શાસ્ત્રમાં સવિસ્તર દર્શાવ્યાછે. માતાઓ અને બેનો, હવેથી તમે આ વિષે પૂરતું ધ્યાન આપજો. કેટલાએક દેશમાં કે સેહેરમાં તેવી અપવિત્ર રૂઢિ પ્રવર્ત્તી છે. તે રૂઢિનો તમારે સર્વથા ત્યાગ કરવો. તેવી રીતે વર્ત્તવાથી આત્માનું અકલ્યાણ થાય છે એટલુંજ નહીં પણ ઉલટી આપણા સર્વોત્તમ શાસનની હીલણા થાય છે. આવી કુરૂઢીને લઈ મિથ્યાત્વીઓ આપણું ઉપહાસ્ય કરે છે. કેટલાએક અજ્ઞાનીઓ આપણા અહિંસામય પવિત્ર ધર્મને મલીન ધર્મ કહી વગોવે છે. સ્થાને સ્થાને શ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીરપ્રભુના સર્વ શિરોમણી શાસનને અવાચ્ય અને નિંદા ભરેલા વિશેષણો આપે છે.

સદ્ગુણી શ્રાવિકાઓ, છેવટે મારે એટલુંજ કહેવાનું કે, તમે તમારા સર્વ સદાચારને સંભાળી ધર્મ ક્રિયામાં પ્રવૃત્ત થજો. માસિક રજો દોષના, શરીર સંસ્કારના, પાકશાળાની પવિત્રતાના અને ભોજન કરવાના સર્વ શિષ્ટાચાર તમે સુધારીને જતનાથી પ્રવર્ત્તાવજો. તમને આજ્ઞા કરવાનો અમારો ધર્મ નથી તથાપિ અમારે બીતા બીતા કહેવું પડે છે કે, તમારો ગૃહાવાસ નિર્દોષ થાય તેમ યતનાથી પ્રવૃત્તિ કરજો.

પ્રિય બેનો, આજે અમારૂં છેલ્લું ઉપદેશ વ્યાખ્યાન છે. મારા પૂજ્ય ગુરૂણીજીની ઈચ્છા અહિંથી વિહાર કરવાને થઈ છે. અમારી અહિં રહેવાની મર્યાદા હવે સંપૂર્ણ થવા આવી છે.

આ પ્રમાણે કહી સાધ્વી શ્રી વિદ્યાશ્રીએ પોતાનું ઉપદેશ ભાષણ સમાપ્ત કર્યું. સાધ્વી વિદ્યાશ્રીનો થોડા દિવસમાં વિહાર થવાની વાર્ત્તા સાંભળી રાજનગરની શ્રદ્ધાલુ શ્રાવિકાઓના ચિત્ત ઉદાસ થઈ ગયા. આ મહા સતી વિદુષી સાધ્વીનો વિયોગ પાસે આવેલા જાણી રાજનગરની રમણીઓમાં મોટી ચર્ચા પ્રવૃત્તી અને વ્યાખ્યાન શાળામાંથીજ શોક ગ્રસ્ત થયેલી કેટલીએક શ્યામાઓ શ્યામ મુખી થઇ સ્વગૃહ પ્રત્યે મંદ ગતિએ ચાલવા લાગી. અને કેટલીએક અગ્રણી અબળાઓ સાધ્વીજીની આસ પાસ વિનંતિ કરવા વીંટાઇ વળી.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગૃહસ્થાવાસમાં કેવલજ્ઞાની.

( અનુસંધાન ગતાંક પાને ૨૩૧ થી. )

કેવલી ભગવંતને વાંદવા નિમિત્તે નાગરિક જનો અતિહર્ષથી આવતા હવા. ભુવનમાં સુખવિલાસ ભોગવતી યક્ષણીને તે સમયે દુર્લભકુમારનું આયુષ્ય શેષ કેટલું હશે તે જાણવાની ચિંતા થતાં, અવધિ જ્ઞાન પ્રયુંજતાં પોતાના સ્વામિનું આયુષ્ય હવે બહુજ અલ્પ છે એમ જાણવામાં આવ્યું એમ જાણવામાં આવતાંજ મન અત્યંત ખેદાવૃત થયું. વિચાર કરતાં પાસેજ વનમાં કેવલી ભગવંત સમોસર્યા છે એમ જાણી, કેવલી ભગવંત પાસે પોતાને ઉત્પન્ન થયેલા ખેદનો પ્રતિક્રિયા મેલવવા તત્કાલ આવી. કેવલી ભગવંતને વાંદી, નમસ્કાર કરી, બે હસ્ત જોડી વિનય સહિત ભક્તિ પૂર્વક પ્રશ્ન પુછવા લાગી.

હે ભગવંત કોઇ જીવનું આયુષ્ય અલ્પ હોય તેનું કોઇપણ પ્રકારે આયુષ્ય વૃદ્ધિ પામે ?

ત્રણ જગતના યથાર્થ સ્વરૂપના વેત્તા એવા કેવલી ભગવંત તે યક્ષણીને કહેતા હવા કે હે દેવી ! સામાન્ય દેવ યા મનુષ્ય તો શું પણ અતિ મહર્દ્ધિક રાજા, પ્રતિવાસુદેવ, વાસુદેવ, બલદેવ, ચક્રવર્તી, ઈંદ્ર, ગણધર, કે તીર્થંકર સુધાંત પણ આયુષ્યને વધારવાને સમર્થ નથી. અષ્ટકર્મમાં સાતકર્મની ન્યૂનાધિકતા કરવાને પ્રાણી સમર્થ થઈ શકે છે પરંતુ આયુષ્ય કર્મના પરમાણુંઓની તે ભવમાં વૃદ્ધિ કરવાને કોઇપણ સમર્થ નથી. સિદ્ધાંતમાં કહ્યું છે કે, જે મેરૂ પર્વતનો દંડ કરી, જંબુ દ્વીપને છત્રાકારે કરવાને સમર્થ હોય એવો અતિ બલવાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવતા પણ પોતાના આયુષ્યની ક્ષીણતા જ્યારે દેખે છે ત્યારે અત્યંત ખેદ કરે છે, અર્થાત્ એવો દેવ પણ આયુષ્ય વધારવાને સમર્થ નથી.

અન્ય શાસ્ત્રમાં પણ કહ્યું છે કે આયુષ્ય વધારી શકે તેવી કોઈ પણ વિદ્યા નથી, મંત્ર નથી, તંત્ર નથી, ઔષધ નથી, પ્રયોગ નથી કે કોઈ પણ ઉપાય નથી. વહાલા માતા પિતા કે બાંધવો, અતિ સ્નેહવતી સ્ત્રી કે પુત્ર પુત્રીઓ આશીર્વાદથી કે આરાધનથી મરતાં મનુષ્યનું આયુષ્ય વધારવાને સમર્થ નથી. એવું છતાં જે શાસ્ત્રમાં એમ કહયું હોય કે કુલદેવતાના આરાધનથી કે મંત્રના જાપથી વા શ્વાસોશ્વાસના રોધપૂર્વક યોગાદિ પ્રયોગથી આયુષ્યની વૃદ્ધિ થાય છે એવું શાસ્ત્ર મિથ્યા શાસ્ત્ર છે, એવું બોલનારા અસમંજસ વાદી છે.

કેવલી ભગવંતના એવા વચન શ્રવણ કરીને, યક્ષણી પોતાના ચિત્તમાં અતિ વિષવાદ પામી. પોતાને અત્યંત અશાતા થતાં ત્યાંથી ઊઠીને પોતાના ભુવનમાં આવી. જાણે તેનું કોઇએ સર્વસ્વ લૂંટી લીધું હોય તેવો તેને પરિતાપ થવા લાગ્યો. તેણીને અત્યંત આર્ત્તધ્યાન કરતી દેખીને, દુર્લભ કુમાર તેના સન્મુખ જોવા લાગ્યો અને અતિ કોમલ વચનથી પુછવા લાગ્યો.

હે દેવાણુ પ્રિયા આજ તમારૂં મુખ જોતાં તે અત્યંત મ્લાન કેમ લાગે છે તમારા ચિત્તમાં અતિ ખેદ થતો હોય એમ તમારૂં મુખાવલોકન સ્પષ્ટ રીતે જણાવી આપે છે. આવા આનંદના સમયમાં આવું આર્ત્તધ્યાન કરવાનો શો હેતુ છે ? શું કોઇથી પરાભવ પામ્યા છો વા કાંઇ અનિષ્ટ ઉત્પન્ન થયેલું વા થતું જાણવામાં આવ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે ? અથવા શું કોઇએ તમારી આજ્ઞાનો ભંગ કર્યો છે ? મારો તો કાંઈ અપરાધ તમારી પ્રત્યેનો થયો હોય એમ જાણવામાં આવ્યું નથી કે ? જે કાંઇ ખેદનું કારણ ઉત્પન્ન થયું હોય તે વિદિત કરો. તમારા ખેદની શાંતિ થયેજ મારા ચિત્તની શાંતિ થશે.

કુમારે વારંવાર અત્યંત આગ્રહથી પુછતાં છતાં દેવીએ કાંઈ પણ વાત તેની પાસે પ્રગટ કરી નહી. કુમારને અવિશ્વાસ ઉત્પન્ન થતાં તે પણ મનમાં ખેદ પામવા લાગ્યો અને બહુજ હઠ કરી દેવીને કહેવા લાગ્યો કે જો તમે મારી પાસે સર્વ વૃત્તાંત પ્રગટ નહીં કરો તો હવેથી મારે અન્નોદકનો પ્રતિબંધ છે. કુમારના અતિ હઠના કારણથી દેવીએ સર્વ વૃત્તાંત કુમારને કહયો અને આખ[ર] કહયું કે હે નાથ ! આ દુઃખનું શલ્ય મારા અંતઃકરણમાં એ[વું] પેસી ગયું છે કે હવે મને કાંઇ પણ ચેન પડતું નથી અને મા[રી] આ અશાતા કોઈ પણ રીતે નાશ પામે એવો મને કાંઇપણ ઉપા[ય] સૂઝતો નથી. મારા કર્મની પ્રતિકૂળતાએ અને આપનું આયુ[ષ્ય] હવે અલ્પ હોવાથી આપનો મને વિરહ થવાથી જે વિરહાગ્નિ[નું] દુઃખ મને પ્રગટ થશે તે શમાવવાને કોઇ પણ સાધન હોય એ[મ] મને લાગતું નથી.

રાજકુમાર, યક્ષણીના આવા દુઃખમય ઉદ્ગારો જોઇને ત[થા] જાણીને કહેવા લાગ્યોકે હે દેવી ! આ વાતનો હૃદય મધ્યે કોઈ પ[ણ] પ્રકારે ખેદ કરવો તે તમારા જેવી સમજણ વાલીને ઉચીત ન[થી]. કમલના પત્ર ઉપર પડેલું જલનું બિંદુ તે પત્રની અણી ઉપર ર[હે]-વતાં ત્યાં સ્થિરતા કેટલીવાર કરી શકે અર્થાત્ તે બિંદુ જેમ પવ[ના]-દિકના કારણથી તત્કાલ ખરી પડેછે તેમ મનુષ્યનું જીવિતવ્ય ...

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસ્થિર હોવાથી આયુષ્યના ક્ષયે તત્કાલ વિનાશ પામે છે. તેથી હે દેવી! જો તમને મારા ઉપર અત્યંત સ્નેહ હોય, મારૂં હિત કરવાની તમારા ચિત્તમાં કાંઈપણ લાગણી હોય તો તે કેવલી ભગવંત પાસે મને લઇ જાઓ. મારા અંતઃકરણમાં તમે કહેલું વૃત્તાંત સાંભલી મારૂ આત્મહિત કરવાનો અને આ જન્મ સફલ કરવાનો વિચાર સ્ફુર્યોછે. અલ્પકાલમાં હવે મારું મૃત્યું થશે એવું જાણી મને લેશ-માત્ર ખેદ થતો નથી. હવે તો મને તે કેવલી ભગવંતના દર્શન કર વાનો મનોરથ થયો છે. તેથી તે મારો મનોરથ પૂર્ણ કરાવવા સારૂ તમે સત્વર મને તે સ્થલે લઈ જાઓ. દેવી તત્કાલ કુમારને કેવલી ભગવંતની પાસે લાવતી હવી' કેવલી ભગવંતનેવંદના કરી કુમાર યથાયોગ્ય સ્થાનકે ધર્મ શ્રવણ કરવાને બેઠો. સાધુ અને સાધવી થયેલા તે કુમારના માત પિતાએ કુમારને દેખી, આ પોતાનો પુત્ર છે એમ કુમારનું મુખ નિરખી ખાત્રી થવાથી અત્યંત રૂદન કરવા લાગ્યા. કેવલી ભગવંતે તત્કાલ કુમારને બોલાવી કહ્યું કે તમારા વિરહથી તમારા માતા પિતાએ ચારિત્ર ગ્રહણ કરેલું છે અને તેઓ આજ પર્ષદામાં સાધુ અને સાધવી થઇ બેઠેલાછે. તીવ્ર રાગના બંધનથી દીર્ઘકાલે એકાએક તમારૂં આગમન થવાથી તમારૂં મુખ જોતાંજ તેમની ચક્ષુમાં આસું આવ્યાછે તેથી આ નજીક બેઠેલા તમારા માત પિતાને તેમની પાસે જઈ વંદના કરી શાંતિ ઉપજાવો. કુમારે પૂછ્યું કે હે ભગવંત મારા માત પિતાને મારા વિરહે ચારિત્ર લેવાની કેમ અભિલાષા થઈ? ભગ-વંતે પૂર્વનો સર્વ વૃત્તાંત કુમારને કહ્યો તે સાંભલી મયૂર જેમ જલ-ધરને ગર્જના કરતો સાંભળી હર્ષ પામે, ચકોર જેમ ચંદ્રમાને દેખી

For Private And Personal Use Only

હર્ષ પામે, ચકવો જેમ સૂર્ય દેખી હર્ષ પામે, વાછડા જેમ ગાયને દેખી હર્ષ પામે, રાજહંસ જેમ માનસરોવર દેખી હર્ષ પામે, તેમ કુમાર પોતાના માતા પિતાને દેખી અતિ હર્ષ તથા સંતોષ પામ્યો. તેના રોમરાય વિકસ્વર થયા. તત્કાળ માત પિતાને કંઠે વળગી પડયો; અને માતા પિતાને પોતાના વિરહથી અત્યંત દુઃખ [illegible] સ્મરણ થતાંજ પોતે પણ રૂદન કરવા લાગ્યો. યક્ષણીએ કુમારનું આવું સ્વરૂપ દેખી મિષ્ટ વચનોથી રૂદન કરતો નિવાર્યો અને પોતાના વસ્ત્રના છેડાથી કુમારના સજળ નયનોને લોહ્યા.

અહો મોહ વિલાસનો ત્યાગ અતિ દુષ્કરછે. જ્ઞાનીના જ્ઞાનને તેમજ ચારિત્રીયાના ચારિત્રને પણ પ્રચંડ આવરણ લાવી મુકે છે.

યક્ષણીએ કુમારને તેના માત પિતા પાસેથી લઇ જઈ કેવલી ભગવંત પાસે બેસાડયો. કેવલી ભગવંત તે સર્વના ઊપકારને અર્થે દેશનામ્રત વરસાવવા લાગ્યા.

હે ભવ્ય પ્રાણીઓ! જે ભવ્યજીવ મનુષ્ય ભવ સંપાદન કરી, મદ્ય, વિષય, કષાય, નિદ્રા કે વિકથામાં પોતાનો કાળ નિર્ગમન કરશે તે હસ્તમાં પ્રાપ્ત થએલું ચિંતામણી રત્ન સમુદ્રના મધ્યમાં ફેંકી દેવા જેવું કામ કરશે. તે ઊપર દ્રષ્ટાંત કહુંછું તે એક ચિત્તે શ્રવણ કરશો.

એક સુંદર વિશાળ નગરમાં રત્ન પરિક્ષામાં નિપુણ એક વણિક વસતો હતો. પુરૂષની બહોંતેર કલામાં તે પારંગત થયો હતો. રત્ન પરિક્ષામાં તો તે અદ્વિતીય કુશળ હતો. ગુરૂપાસે રત્ન પરિક્ષાના ગ્રંથોનું અધ્યયન કરી સંપૂર્ણ નિપુણતા સંપાદન કરી હતી. ૧ સોગંધીક રત્ન

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ કર્કેતન રત્ન ૩ મરકત રત્ન ૪ ગોમેદ રત્ન ૫ ઇંદ્રિનીલમણિ રત્ન ૬ જલકાંત રત્ન ૭ સૂર્યકાન્ત રત્ન ૮ મસારગલ રત્ન ૯ અંક રત્ન ૧૦ સ્ફાટિક રત્ન, ઈત્યાદિ અનેક જાતિના રત્નોના લક્ષણ, ગુણ, વર્ણ, નામ ગોત્ર આદિ સર્વ પ્રકારનો બોધ તેણે પ્રાપ્ત કર્યો હતો.

એકદા તે રત્ન પરિક્ષકને એવું ચિંતવન થયું કે બીજા સર્વ પ્રકારના રત્નોની પ્રાપ્તિ ચિંતામણિ રત્નની પ્રાપ્તિ થયા વિના સાર ભૂત નથી. એક ચિંતામણિ રત્નજ જો પ્રાપ્ત થાય તો તેના બળથી ચિંતવન કરેલી સર્વ પ્રકારની અર્થ સંપદા સહજમાત્રમાં સંપાદન કરવાને શક્તિવાન થઈ શકીએ. ત્યારબાદ તે રત્ન પરિક્ષક એવો સંકલ્પ થવાથી ચિંતામણિ રત્ન પામવાને અર્થે સમુદ્રમાં અનેક સ્થલે જ્યાં જ્યાં રત્નોની ખાડીઓ હતી તે ખોદાવવા માંડી પણ કોઇ સ્થલેથી ચિંતામણિ રત્ન પ્રાપ્ત થયું નહીં. પછી મોટી નદીઓના સ્થળો જ્યાં જ્યાં રત્નોની ભાળ લાગતી હતી ત્યાં ત્યાં તપાસ કરી. નદીઓના કાંકરા વિવિધ રીતના ઉદ્યમથી તપાસ્યા અને અનેક ઉપાયો કર્યા પરંતુ કોઈપણ સ્થાનકેથી ચિંતામણિ રત્ન દ્રષ્ટિએ પડયું નહી. અતિપ્રયાસ કર્યા છતાં ચિંતવેલું રત્ન પ્રાપ્ત નહીં થવાથી મનમાં બહુજ પશ્ચાતાપ કરવા લાગ્યો. એવામાં કોઈ પરદેશી પુરૂષનો તેને મેળાપ થયો. પરદેશી પુરૂષે તેનું દુઃખ જાણી કહ્યું કે જો ચિંતામણિ રત્ન સંપાદન કરવાની અભિલાષા હોયતો મોટા વહાણમાં બેસી રત્ન દ્વીપે જાઓ. ત્યાં આશાપુરી નામની દેવીછે તેનું આરાધન કરો. તે સંતુષ્ટ થશે એટલે ચિંતામણી રત્ન તમને આપશે. પરદેશીએ કહેલી વાત ઉપર શ્રદ્ધા બેસવાથી તે ઝવેરી વણિક મોટા વહાણમાં બેસી રત્ન દ્વીપે પહોંચ્યો. ત્યાં આશાપુરી દેવીને દ્વારે જઈ તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નમસ્કાર કરી તેની સન્મુખ બેસી એકવીશ ઉપવાસની મહા કષ્ટકારી તપશ્ચર્યા પૂર્વક દેવીનું આરાધન કરવાનું કામ શરૂ કર્યું. તેનું મહા ચમત્કારિક તપ દેખી દેવી પ્રત્યક્ષ થઇ અને તેના ઉપર તુષ્ટમાન થઇ કહેવા લાગી. અપૂર્ણ.

# શ્રી વિમલચંદ્રસૂરિ અને પ્રશ્નોત્તર રત્નમાલા.

( ગત અંક ૯ માંના પૃષ્ટ ૨૧૨ થી ચાલુ. )

એક સમયે શ્રી વિમલચંદ્ર સૂરિ પ્રાતઃકાલનું પ્રતિક્રમણ કર્યા પછી પોતાના શિષ્ય પરિવારના પ્રશ્નો જાણવાની ઈચ્છાએ આનંદ મગ્ન થતા હતાં. તે સમયે તેમના વિનીત શિષ્યો એકત્ર થઈ કોઈ નવીન પ્રશ્ન પુછવા ચિંતવન કરવા લાગ્યા કે, આજે ગુરૂમહારાજને આપણે ઉત્તમ પ્રશ્નો પુછી આપણા ચારિત્ર ધારી આત્માને કૃતાર્થ કરવો. તેવામાં એક વિરાગી મુનિ બોલી ઉઠયા—ધર્મ બંધુઓ, આજે આપણે એવો પ્રશ્ન કરીએ કે, આ ભયંકર સંસારમાં પ્રાણીને ખરેખરો ભય કોનો છે. જેના ભયથી કંપિત થતા પ્રાણીઓ ધર્મ સાધન કરવામાં તત્પર થાય. માટે આપણે તેવો પ્રશ્ન કરવાની જરૂર છે.

સર્વ શિષ્યોના પરિવાર વચ્ચે એક વૃદ્ધ મુનિ બોલી ઉઠયા—ભદ્ર, જો આપ સર્વેની ઈચ્છા હોયતો હું મારા અનુભવ વિષે એક પ્રશ્ન કરવા ઈચ્છા રાખું છું. થોડા વર્ષ પહેલા ગૃહાવાસમાં મને કોઇ નેત્ર રોગ થવાથી અંધ પણું પ્રાપ્ત થયું હતું. પાંચ વર્ષ સુધી મારા નેત્રોનું તેજ તદન અસ્ત થઇ ગયું હતું. તે સમયે મને અંધાપાને લીધે જે કષ્ટો પડયા છે, તેઓનું વર્ણન કરતાં મને કંપારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છુટે છે. મારા પુણ્યયોગે કોઇ ચમત્કારી ઊપચાર મળવાથી હું પાછો નેત્ર રાગથી મુક્ત થયો અને તે પછી દીક્ષા લઈ ગુરૂમહારાજની કૃપાથી અત્યારે આનંદમાં છું. તથાપિ મને જ્યારે મારી અંધાવસ્થા વારંવાર યાદ આવે છે, ત્યારે એવા વિચાર થાય છે કે જગતમાં દુઃખીયામાં દુઃખી પુરૂષ અંધ છે તેના જેવો કોઈ પુરૂષ દુઃખી નથી માટે આજે તે વિષે ગુરૂને પ્રશ્ન કરવાની ઈચ્છા છે. તેમાં આપ સર્વ મંડળ સંમત થશો.

તેવામાં એક યુવાન મુનિએ નમ્રતાથી જણાવ્યું કે, શાસ્ત્રમાં અને લોકમાં ઘણા પ્રકારના શૂરવીરો કહેલા છે. કેટલાએક તો રણભૂમિમાં અગ્રભાગ લેનારને, કોઇ દાતારને, કોઈ સભાજિત પંડિતને, કોઇ સંસાર છોડનારને, કોઇ ધર્મમાં પરાક્રમ કરનારને અને કોઇ કીર્ત્તિ વધારનારને એમ જુદી જુદી રીતે શૂરવીર કહે છે પણ ખરેખરો શૂરવીર કોણ? તે વિષે ગુરૂમહારાજને પ્રશ્ન કરવાની મારી ઇચ્છા છે તો આપ સર્વે તેમાં સંમતિ આપશો.

આ પ્રમાણે ત્રણ પ્રશ્નો કરવાનો નિશ્ચય કરી બધા શિષ્યો ગુરૂમહારાજની સમક્ષ આવ્યા અને વિનયથી અંજલિ જોડી બોલ્યા "**कस्मा द्भयमिह**" "આ જગતમાં કોનાથી ભય છે?" આ પ્રશ્ન સાંભળતાંજ સૂરિ શ્રી બોલી ઊઠયા—"**मरणात्**" આ જગતમાં મૃત્યુનો ભય છે."

અપૂર્ણ.

For Private And Personal Use Only